સુરક્ષા સેતુ યોજના
પ્રત્યેક પોલીસ સ્ટેશન કક્ષાએ રોલ મોડલ તરીકે અમલ કરવાની યોજનાઓ

પરિપત્ર ક્રમાંકઃ સરક્ષ/૧૦/૨૦૧૪/૨૩૧૩/ટ
ગૃહ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૬/૧૪

વંચાણે લીધાઃ-

(૧) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ-પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ, તા.૨૬/૦૯/૨૦૧૨ (રાજયમાં સુરક્ષા સેતુ ધ્વારા સોસાયટીઓની રચના તેમજ તે હેઠળ "સુરક્ષા સેતુ કેન્દ્રો"ની સ્થાપના)

(૨) ગૃહ વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ-પીડબલ્યુએફ/૧૦/૨૦૧૨/૪૧૧૬૫/ટ, તા.૨૬/૦૯/૨૦૧૨ (રાજયમાં સુરક્ષા સેતુ સોસાયટીઓ અંતર્ગત ગવર્નીંગ કાઉન્સીલ અને એકઝીકયુટીવ કમિટીની ત્રિસ્તરીય રચના )

(૩) તા.૧૬/૦૪/૧૪ના રોજ રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની એકઝીકયુટીવ કમીટીની ૪ થી બેઠકમાં થયેલ ચર્ચાઓ.

પ્રસ્તાવનાઃ-

ગૃહ વિભાગના ઉકત વંચાણમાં લીધે પરિપત્રોથી રાજયમાં સુરક્ષા સેતુ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. યોજનાનો મુખ્ય હેતુ પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ વધે, પરસ્પર સહકાર આપવાનુ વધે, પ્રિવેન્ટીવ ઈન્ટેલીજન્સના ભાગ રૂપે પોલીસને સંભવિત ગુનાઓની બાતમી મળે કે જેથી ગુનાઓ અટકાવી શકાય અને ગુનાઓમાં ધટાડો થાય. પરિણામે રાજયમાં સુખ, શાંતિ અને સલામતી વધે તે છે.

આ યોજનાના અમલ માટે રાજય કક્ષાએ રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરવામાં આવેલ છે. તમામ જીલ્લા અને કમિશ્નર કક્ષાએ જીલ્લા/ કમિશ્નર કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીઓની રચના કરવામાં આવેલ છે. આ સોસાયટીઓ સ્વાયત છે અને યોજનાના હાર્દને અનુરૂપ વિવિધ પ્રકારની યોજનાઓ અમલમાં મુકી રહેલ છે.

તા.૧૬/૦૪/૧૪ના રોજ રાજય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીની એકઝીકયુટીવ કમીટીની ૪ થી બેઠકમાં હવે સુરક્ષા સેતુ યોજનામાં Bottom to Top Approach હોવો જોઈએ કે જેથી યોજનાનો હેતુ સિધ્ધ થાય તે મુજબની વિચારણા કરવામાં આવેલ.

જે માટે પ્રત્યેક પોલીસ સ્ટેશનના વડા એ અમલ કરવાની ૧૦ જેટલી રોલ મોડેલ યોજનાઓ ની યાદી તૈયાર કરવી. દરેક પોલીસ સ્ટેશન આ યોજનાઓનો તેમના વિસ્તારમાં રોલ મોડલ તરીકે અમલ કરે. પી.આઈ., પી.એસ.આઈ. તેમજ નીચેના કર્મચારીઓમાં રોલ મોડલના કોન્સેપ્ટથી જનતા પ્રત્યેની જવાબદારીનુ તત્વ આવશે અને જાહેર જનતા પોલીસ તંત્ર સાથે નિર્ભય રીતે વાત ચીત અને વ્યવહાર કરી શકશે. સુરક્ષા સેતુ યોજનાનો મહત્વનો મુદ્દો–પોલીસ ધ્વારા જાહેર જનતા સાથે નમ્ર, અને સૌજન્ય પૂર્ણ રીતે વાત ચીત અને માહિતીનુ આદાન પ્રદાન–સિધ્ધ થશે તેમ અપેક્ષિત છે.

<u>પરિપત્રઃ–</u>

આથી આ હેતુ માટે આ સાથેના પરિશિષ્ટ મુજબની ૧૦ અગત્યની યોજનાઓ પ્રત્યેક પોલીસ સ્ટેશનના વડા ધ્વારા અમલમાં મુકવા નિર્ણય લેવામાં આવે છે. આ યોજનાઓ માત્ર માર્ગદર્શક સ્વરૂપે છે. દરેક પોલીસ સ્ટેશન, તેમના વિસ્તારની વસ્તી, ભૌગોલિક પરિસ્થિતિ, કાયદો વ્યવસ્થા, અને મહત્વની જવાબદારીઓ ધ્યાનમાં રાખી સૂચિત યોજનાઓનો વિવેક પૂર્ણ રીતે તેમજ સુરક્ષા સેતુ યોજના સબંધની સૂચનાઓ ધ્યાનમાં રાખી અમલ કરશે.

<u>વિગતવાર સુચનાઓ નીચે મુજબ છે.</u>

(૧) આ કાર્યવાહીમાં સ્થાનિક એન.જી.ઓ, શાળા કોલેજો, પ્રતિષ્ઠિત સંસ્થાઓ, પ્રતિષ્ઠિત નાગરીકોનો સહયોગ લેવામાં આવે.

(૨) સૂચિત યોજનાઓના અમલમાં જે કોઈ ખર્ચ થાય તે સુરક્ષા સેતુ યોજનામાંથી મેળવવામાં આવે. સુરક્ષા સેતુ યોજનામાં કઈ બાબતોનો ખર્ચ કરી શકાય તે અંગે તા.૦૩/૦૬/૧૩ની સુચનાઓ પણ લક્ષમાં લેવામાં આવે.

(૩) પ્રત્યેક યોજનાના અમલનુ ડોકયુમેન્ટેશન યોગ્ય રીતે કરવામાં આવે.

(૪) આ રોલ–મોડેલ યોજનાનુ મોનીટરીંગ જીલ્લા પોલીસ વડા/ કમિશ્નરશ્રી કક્ષાએથી કરવામાં આવશે. તે માટે પોલીસ કમિશ્નર અને જીલ્લા કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીના સભ્ય સચિવશ્રીઓને નોડલ અધિકારી જાહેર કરવામાં આવે છે.

(૫) જાહેર જનતા, અરજદારો, સાથે તમામ પોલીસ કર્મચારીઓનુ વર્તન નમ્ર, સૌજન્ય પૂર્ણ અને વિવેક પૂર્ણ હોવુ જોઈએ. આ સબંધમાં કોઈ પણ પોલીસ કર્મચારી વિરૂધ્ધ ફરિયાદ આવવી ન જોઈએ.

<u>પોલીસ સ્ટેશનના વડા નીચે મુજબ કાર્યવાહી / વ્યવસ્થા કરશે.</u>

(૧) દર માસે, તેમના હસ્તકના પ્રત્યેક પોલીસ કર્મી ધ્વારા જનતા પ્રત્યે ભાષા, વર્તન, વિવેક દર્શાવવામાં કેટલું હકારાત્મક પરિવર્તન આવેલ છે તેની કર્મચારી દીઠ મૂલ્યાંકન કરી નોંધ કરશે.

(૨) કોઈ પણ પોલીસ કર્મીના વર્તન સબંધમાં જાહેર જનતા પોલીસ સ્ટેશનના વડાને ફોન ઉપર, મોબાઈલ, એસ.એમ.એસ. કે અન્ય કોઈ રીતે સીધે સીધી કરી શકે તેવી જાહેરાત પણ અગત્યના સ્થળોએ કરવાની રહેશે. જાહેરાતમાં પોલીસ સ્ટેશનના વડાનુ નામ, તેમની ચેમ્બરનો ટેલીફોન નંબર અને તેમનો મોબાઈલ નંબર દર્શાવવાનો રહેશે. (પોલીસ સ્ટેશનનો સામાન્ય નંબર નહિ)

(૩) જાહેર જનતા તેમના કામ કે ફરીયાદ માટે પોલીસ સ્ટેશનના વડાને સીધે સીધી મળી શકે તેવી જાહેરાત પોલીસ સ્ટેશનના વડાના સીધા સંપર્ક નંબર સહિત કરવી.

(૬) પોલીસ સ્ટેશનના વડા (ખુદ) તરફથી પણ જાહેર જનતા પરત્વેનુ વર્તન નમ્ર, સૌજન્ય પૂર્ણ અને વિવેકી હોય તે અત્યંત જરૂરી છે. પોલીસ સ્ટેશનના વડાના વર્તન સબંધમાં જીલ્લા પોલીસ વડાને જનતા સીધો સંપર્ક કરી શકે તેવી વ્યવસ્થા અને જાહેરાત જીલ્લા પોલીસ વડાએ, જે તે પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરવાની રહેશે.

(૭) સુરક્ષા સેતુ યોજના તેમજ તે અંતર્ગત આ રોલ મોડલ યોજનાઓનો કેટલો ધનિષ્ઠ રીતે અમલ કરેલ છે તેમજ પોલીસ સ્ટેશનના વડા, અને પોલીસ કર્મચારીઓના જાહેર જનતા પ્રત્યેના વર્તન અંગે દરેક પોલીસ સ્ટેશનના વડાના તેમજ દરેક પોલીસ કર્મચારીના ખાનગી અહેવાલો/ પરફોર્મન્સ એપ્રેઈઝલ રીપોર્ટમાં સ્પષ્ટ રીતે મૂલ્યાંકન લખવામાં આવશે. વર્ષ ૨૦૧૪–૧૫ નાં વર્ષ દરમ્યાનની કામગીરી થી આ સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૮) આ યોજનાઓનો અમલ કઈ રીતે થયેલ છે, લોકોને ચોક્કસ ફાયદો થયેલ છે કે કેમ, તેઓ વધુ સુરક્ષા અનુભવે છે, પોલીસ તંત્રના વર્તનમાં નમ્રતા આવેલ છે કે કેમ ? તેવી બાબતો અંગે વિદ્યાર્થીઓ, મહિલાઓ, સિનીયર સીટીઝનના પોલીસ પ્રત્યેના અભિગમ અંગે રીવ્યુ મેળવવામાં આવશે. આ તમામ કામગીરી નોડલ અધિકારી ધ્વારા કરવામાં આવશે.

(૯) દરેક પોલીસ સ્ટેશન ધ્વારા રોલ મોડલ યોજનાઓમાં કેટલી કામગીરી થયેલ છે તે અંગેનો સંકલીત અહેવાલ દરેક નોડલ અધિકારીશ્રી રાજ્ય કક્ષાની સુરક્ષા સેતુ સોસાયટીના સભ્ય સચિવશ્રીને દર માસે મોકલાવી આપશે.

ઉપરોત સુચનાઓનો અમલ કરવા તથા તમામ પોલીસ અધિકારીઓ/ કર્મચારીઓના ધ્યાને લાવવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના નામદાર રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.વી.સુથાર)

નાયબ સચિવ

પ્રતિ,

(૧) નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી.

(૨) માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,

(૩) તમામ માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.

(૪) સચિવાલયના તમામ અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી

(૫) સચિવાલયના તમામ વહિવટી વિભાગો

(૬)પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

(૭) માહિતી કમિશ્નરશ્રી, ગુ.રા. ગાંધીનગર–બહોળી પ્રસિધ્ધી આપવા વિનંતી સહ.

(૮) સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

(૯) સચિવશ્રી, રાજ્ય માહિતી આયોગ, ગાંધીનગર.

(૧૦) સચિવશ્રી,અન્ય પછાત વર્ગો માટેનુ પંચ.ગુ.રા.ગાંધીનગર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

(૧૨) સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ. ગાંધીનગર.

(૧૩) એકાઉન્ટન્ટ જનરલ રાજકોટ/ અમદાવાદ.

(૧૪) ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ, બોર્ડ/ નિગમો.

(૧૫) તમામ જિલ્લા કલેકટરશ્રી

(૧૬) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

(૧૭) સભ્ય સચિવશ્રી, રાજ્ય સુરક્ષા સેતુ સોસાયટી અને IGP શ્રી, SCRB, ગાંધીનગર.

(૧૮)તમામ પોલીસ કમિશ્નરશ્રી

(૧૯)તમામરેન્જઆઈ.જી.શ્રી

(૨૦) તમામ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી

(૨૧) ગૃહ, વિભાગના તમામ અધિકારીશ્રીઓ.

(૨૨) આઈ.ટી.સેલ. ગૃહ વિભાગની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.

(૨૩) અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી.

(૨૪) સીલેકટ ફાઈલે.

ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: સરક્ષ/૧૦/૨૦૧૪/૨૩૧૩/ટ, તા. /૦૬/૧૪ સાથેનુ પરિશિષ્ટ

પોલીસ સ્ટેશનના વડાએ સુરક્ષા સેતુ યોજના અન્વયે અમલ કરવાની રોલ મોડલ યોજનાઓની યાદી.

---

(૧) મહિલાઓને સ્વરક્ષણની તાલીમ
કરાટે તાલીમ, ૦.૨૨ રાઈફલ ચલાવવાની તાલીમ વિગેરે

(૨) વિદ્યાર્થીનીઓ / મહિલાઓની છેડતી અટકાવવી, ચેઈન સ્નેચીંગ અટકાવવુ.
કોઈ વિશિષ્ટ ડિવાઈસ આપવી, સાદા ડ્રેસમાં મહિલા પોલીસ કર્મીઓ મૂકવા, મહિલા પોલિસ મિત્રોની મદદ લેવી વિગેરે

(૩) પોલીસ કર્મીઓ જાહેર જનતા, અરજદારો સાથે વાતચીત અને વ્યવહારમાં નમ્રતા દાખવે તે અંગે આયોજન.
પોલીસોને નમ્ર ભાષા શિખવવી જે માટે તજજ્ઞોની મદદ લેવી. પોલીસ સમક્ષ ડમી અરજદારો મોકલવા અને વર્તનની ખાત્રી કરવી, પી.એસ.આઈ.,/પી.આઈ.ના નામ તેમજ મોબાઈલ નંબરો જાહેરમાં પ્રદર્શિત કરવા અને પોલિસ કર્મીઓ વર્તણૂક વિશે આ નંબરો ઉપર જનતા દરરોજ વોટસેપ, એસ.એમ.એસ થી અભિપ્રાયો મોકલે તેમ કરવુ.

(૪) બાળકોની સલામતી
બાળકોનુ અપહરણ અટકાવવુ, રોડ ઉપર વાહનોથી બાળકોની સલામતી, વિગેરે.

(૫) સોસાયટી/ રહેણાંક વિસ્તારોની પોલીસ અધિકારીઓ ધ્વારા સાદા ડ્રેસમાં નિયમિત સમયાંતરે દર ૩ માસે ૧ મુલાકાત,
રહીશો સાથે મુકત વાર્તાલાપ, તેમનો વિશ્વાસ સંપાદન કરવો, સોસાયટીના પાર્કિંગ જેવા સામાન્ય પ્રશ્નોનુ સ્થળ પર નિરાકરણ

(૬) વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત
પોલીસ કાર્યવાહી/પધ્ધતિથી વાકેફ કરવા, વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવો. પ્રેરણા આપવી, સામાન્ય નિયમોનુ પાલન કરવા સૂચવવું પોલીસ શસ્ત્રો બતાવવાં, વિગેરે.

(૭) ટ્રાફિક મેનેજમેન્ટ, ટ્રાફિક અવેરનેસ, અકસ્માતો નિવારવાના પગલાં.
રોડ સેફટી, લેન ડ્રાઈવીગ, સેફ ડ્રાઈવીગ, વાહનોનુ કોમન પુલીગ, વિગેરે બાબતમાં કોલેજો એન.જી.ઓ, વિગેરેનો સહયોગ, મેળવવો.
કોલેજો / મોલ્સ, ગીચ બજાર, જેવા સ્થળોએ પાર્કિંગનો પ્રશ્ન વોલન્ટીયર્સ તેમજ પ્રજાના સહયોગથી હળવો કરવો.

શાળાઓમાં વિદ્યાર્થીઓને લઈ જતી વાન/રીક્ષાઓ સબંધમાં નીચે મુજબની કાર્યવાહી.

તમામ પ્રકારની શાળાઓમાં વિદ્યાર્થીઓને લઈ જતી વાન/રીક્ષાઓ અને તેમના ડ્રાઈવર કન્ડકટરના ફોટા સહિતની યાદી તૈયાર કરાવવી.

વિદ્યાર્થીઓને લઈ જતી વાન/રીક્ષાઓ, શાળાના અંદરના ભાગમાં ચોકકસ પોઈન્ટ ઉપર વિદ્યાર્થીઓને સીધા જ ઉતારે અને ત્યાંથી જ પીક અપ કરે તેવી વ્યવસ્થા ગોઠવવી. ગ્રાઉન્ડમાં છુટા ફરતા બાળકોની સલામતી પુરેપુરી જળવાય તે રીતે રીક્ષા, વાન કે સ્ટાફના વાહનો અંદર પ્રવેશે તેમ કરવુ જરૂરી.

શાળા મેનેજમેન્ટ, વાન/રીક્ષા ડ્રાઈવરના સહયોગથી આવી વ્યવસ્થા ગોઠવવી. જેથી બાળકોને ચલાવીને એક સાથે ટોળા રૂપે અંદર લઈ જવાનો કે બહાર વાન કે રીક્ષાઓ પાર્કીગ કરવાનો પ્રશ્ન ન રહે. હાલ ૧૨–૧૫ બાળકોને એક સાથે ચલાવીને લઈ જવા દરમ્યાન અથવા શાળા છુટવાના સમયે નાના બાળકો પોતાની રીતે વાન/રીક્ષા સુધી પહોંચવા દરમ્યાન છુટા પડી જાય છે. અને તેથી બાળકો ઉપાડી જવાની કે અકસ્માતની ધટના બની શકે જે નિવારી શકાય.

શાળા મેનેજમેન્ટએ આ માટે તેમની યોગ્ય સિકયુરીટી ગોઠવવી. સી.સી. ટી.વી કેમેરાની વ્યવસ્થા કરવી. જરૂર જણાયે પ્રવેશ તેમજ બહાર નિકળવા માટે ગેટની ડિઝાઈનમાં યોગ્ય ફેરફાર કરવા.

(૮) પ્રજા પોલીસ વચ્ચે વિશ્વાસ વધારવા, ખેલદિલી પેદા કરવા, સામુહિક રમતો સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન.

(૯) પોલીસ મિત્રો બનાવવા,
સામાન્ય પ્રકારની પોલીસ મદદ, બાતમી મેળવવી વિગેરેમાં તેમનો રચનાત્મક ઉપયોગ.

(૧૦) મહિલાઓનુ પુનઃ સ્થાપન
બુટલેગીંગ / અનૈતિક વ્યવસાયમાં પ્રવૃત લોકો–ખાસ કરીને મહિલાઓ–ને આવા વ્યવસાયમાંથી બહાર લાવવા અને પુનઃવસન
મહિલાઓની ઓળખ કરવી, એન.જી.ઓનો સહયોગ, નાના વ્યવસાયની તાલીમ જરૂરી હોય તો અપાવવી, બેંન્કીગ સંસ્થાઓ પાસેથી લોન અપાવવી વિગેરે